NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

Azadi Ka Amrit Mahotsav

ડૉ. આર. એમ. નાયક
નિયામક

૯૯૭૯૮૮૮૯૬૨
Web : www.nau.in Email:dswnavsari@nau.in

# પરિપત્ર

સહર્ષ જણાવવાનું કે માન.કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ નવસારી કૃષિ યુનિવર્સિટીના વર્ગ – ૪ અને રોજમદાર કર્મચારીઓની કાર્યક્ષમતા અને ક્રિયાશીલતા વધે તે હેતુસર નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ, નેજા હેઠળ વર્ષ ૨૦૨૩–૨૪ માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન આગામી **તા.૨૪ થી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪** દરમ્યાન કરવામાં આવેલ છે. જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટીઓના તમામ યુનિટ/સબ યુનિટ (મહાવિદ્યાલયો તેમજ સંશોધન કેન્દ્રો) ના ફકત **વર્ગ – ૪ અને રોજમદાર કર્મચારીઓને (કુશળ, બિન કુશળ, અર્ધ કુશળ તેમજ ખેત મજુર)** ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

ભાગ લેનાર દરેક યુનિટ ટીમના સભ્યોની યાદી સ્પર્ધા દીઠ આ સાથે સામેલ સ્પર્ધા અલગ અલગ પત્રકો મુજબ ટીમની જરૂરી વિગતો ભરી યુનિટ હેડના સહી સિક્કા સાથેની હાર્ડ કોપી નીચે મુજબના સરનામે અથવા સોફટકોપી અત્રેની કચેરીના ઈમેલ આઈ.ડી. પર **તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪** સુધીમાં સાંજે ૫.૦૦ કલાક પહેલા અચુક મોકલી આપવા વિનંતી છે. આપેલ સમય પછીના આવેલ ટીમોનો સદર ટુર્નામેન્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.

**સામેલ :** પત્રક ૧, ટુર્નામેન્ટના નિયમો તથા ટુર્નામેન્ટની રૂપરેખા

જા.નં.નકૃયુ/નિવિક/ટે.૭/ 257 /૨૦૨૪
તા.૧૮/૦૧/૨૦૨૪

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

# પત્રક-૧

પ્રતિ,
નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

સહર્ષ જણાવવાનું કે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા આયોજીત વર્ગ – ૪ અને રોજમદાર (કુશળ, બીનકુશળ, અર્ધકુશળ, ખેતમજૂર) કર્મચારીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમારી ટીમને પ્રવેશ આપવા વિનંતી છે. અમારી ટીમના નીચેની વિગતે ખેલાડીઓ સ્પર્ધામાં હાજર રહેશે.

| | | |
|---|---|---|
| ટીમનું નામ : | | |
| કેપ્ટનનું નામ : | | મોબાઈલ નં. |
| વાઈસ કેપ્ટનનું નામ : | | મોબાઈલ નં. |

| ક્રમ | ખેલાડીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ કર્મચારીઓ યુનિવર્સિટીના કર્મચારીઓ છે. ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો અમોને બંધનકર્તા રહેશે.

**કેપ્ટનની સહી** **યુનિટ અધિકારીની સહી અને સિકકો**

| ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો | |
|---|---|
| ૧. | ટુર્નામેન્ટમાં ફક્ત વર્ગ – ૪ અને રોજમદાર (કુશળ, બીન કુશળ, અર્ધકુશળ તેમજ ખેત મજુર) કર્મચારીઓ જ ભાગ લઈ શકશે. |
| ૨. | ભાગ લેનાર દરેક યુનિટ ખેલાડીઓની આવવા-જવાની વ્યવસ્થા સ્વ-ખર્ચે કરવાની રહેશે. |
| ૩. | દરેક ટીમમાં ૧૫ ખેલાડીઓ ભાગ લઈ શકશે. |
| ૪. | ટુર્નામેન્ટ નોક આઉટ પધ્ધ્તી મુજબ રમાડવામાં આવશે. દરેક મેચો, ક્વાર્ટર ફાઇનલ, સેમીફાઈનલ તેમજ ફાઇનલ મેચો મર્યાદિત ૧૦ ઓવરની રહેશે. વધુ ટીમોની એન્ટ્રી આવે તો સમયની મર્યાદા અને સંજોગોને ધ્યાને રાખી મર્યાદિત ઓવરમાં ફેરફાર કરવાનો હક આયોજકશ્રીનો રહેશે. |
| ૫. | ટુર્નામેન્ટ માટે બોલ આયોજક દ્વારા આપવામાં આવશે. બેટ તેમજ અન્ય સામગ્રી ટીમે જાતે લાવવાની રહેશે. |
| ૬. | તમામ મેચો ૧૦ ઓવરની હોય, મેચમાં બે બોલર વધુમાં વધુ ૩ (ત્રણ) ઓવર નાંખી શકશે. |
| ૭. | મેચ ડ્રો અથવા ટાઈ થશે તો સુપર ઓવર રમાડવામાં આવશે તેમાં જે ટીમના રન વધુ હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે. ફક્ત સુપર ઓવરમાં વિકેટ પાડવાનો કોઈ નિયમ લાગુ પડશે નહીં.<br>• જો સુપર ઓવરમાં રન સરખા થશે, તો મેચ દરમ્યાન જે ટીમની વિકેટ ઓછી હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે.<br>• જો સુપર ઓવરના રન અને મેચ દરમ્યાનની વિકેટ સરખી હશે તો ટોસ ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવશે. |
| ૮. | થ્રો એકસન બોલીંગ માન્ય રહેશે નહી, મેચ દરમ્યાન આ અંગેના વિવાદમાં કે અન્ય કોઈ વિવાદમાં અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે જે દરેકને બંધનકર્તા રહેશે. |
| ૯. | મેચ દરમ્યાન નો-બોલ, વાઈડ બોલ, અને બાય/લેગ બાયના રન ગણવાના રહેશે, પરંતુ નો બોલમાં ફ્રી-હીટ આપવામાં આવશે નહી. |
| ૧૦. | મેચ દરમ્યાન એલ.બી.ડબલ્યુ.નો નિયમ રાખવામાં આવેલ નથી. |
| ૧૧. | દરેક ઈનિંગ માટે નવો બોલ ઉપયોગમાં લેવામાં આવશે, ચાલુ મેચ દરમ્યાન બોલ ફાટી જાય કે ખોવાઈ જાય તો તેના બદલે બીજો બોલ આપવામાં આવશે. |
| ૧૨. | દરેક ટીમને મેચ માટે આપવામાં આવેલ સીડ્યુલના ત્રીસ મિનીટ પહેલા મેદાન ઉપર હાજર રહેવાનુ રહેશે. દરેક મેચમાં રમનાર ૧૧+૧ ખેલાડીઓ સહિત ૧૨ ખેલાડીના નામની યાદી આપવાની રહેશે. |
| ૧૩. | મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહીં તો મેચના સમયથી ૧૫ મિનીટ બાદ ટીમને ગેર હાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. |
| ૧૪. | બેસ્ટમેન તથા વિકેટ કીપર કોઈ પણ પ્રકારના ગ્લોઝ (હાથમાં પહેરવાના મોજા) પહેરી શકશે નહી. |
| ૧૫. | સમય તેમજ સંજોગો વશાત તારીખ તેમજ મેચના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર ફક્ત આયોજકશ્રીનો રહશે. જે દરેક ટીમે માન્ય રાખવાનો રહશે. |
| ૧૬. | **ટુર્નામેન્ટમાં એક ખેલાડી એકથી વધારે ટીમમાં નામ નોંધાવી શકશે નહી.** |
| ૧૭. | **ટુર્નામેન્ટ દરમ્યાન ભાગ લેનાર દરેક ટીમે એક સરખા ડ્રેસ કોડ તેમજ સ્પોર્ટ્સ શૂઝ (મેટલ સ્પાઈક્સ શૂઝ પહેરી શકાશે નહી) પણ પહેરવાના રહેશે. જે ટીમે સ્વ-ખર્ચે ભોગવવાનો રહેશે.** |

# ટુર્નામેન્ટની રૂપરેખા

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ટુર્નામેન્ટ જાહેરાતની તારીખ | ૧૮/૦૧/૨૦૨૪ | - |
| ૨ | ટીમ અને ખેલાડીઓની યાદી મોકલવાની છેલ્લી તારીખ | ૧૫/૦૨/૨૦૨૪ | ૧૭.૦૦ કલાક સુધીમાં |
| ૩ | લોટસ પાડવાની તારીખ અને સમય | ૧૭/૦૨/૨૦૨૪ | ૧૧.૦૦ કલાકે<br>સ્થળ :<br>નિયામક, વિદ્યાર્થી કલ્યાણની કચેરી<br>ન.કૃ.યુ., નવસારી |
| ૪ | ટુર્નામેન્ટનો ઉદ્દ્ઘાટન કાર્યક્રમ | ૨૪/૦૨/૨૦૨૪ | સવારના ૯.૩૦ કલાકે<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૫ | ટુર્નામેન્ટની નોક આઉટ અને કવાર્ટર મેચો રમાડવાનીતારીખ | ૨૪-<br>૨૫/૦૨/૨૦૨૪ | સવારના ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૬ | ટુર્નામેન્ટની સેમી-ફાઈનલ અને ફાઈનલ મેચો રમાડવાની તારીખ | ૨૬/૦૨/૨૦૨૪ | સવારના ૯.૦૦ થી સાંજના ૫.૩૦ સુધી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |
| ૭ | ટુર્નામેન્ટનો ઈનામ વિતરણ કાર્યક્રમ | ૨૬/૦૨/૨૦૨૪ | ફાઈનલ મેચ પત્યા પછી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કૃ.યુ., નવસારી |

**નોધ : ૧.અનાવશ્યક સંજોગોને આધીન સદર કાર્યક્રમના સમય અને તારીખમાં ફેરફાર આયોજકશ્રી કરી શકશે.**
**૨. લોટસ પાડવાની તારીખે દરેક ટીમના કેપ્ટનશ્રીઓએ હાજર રહેવા વિનંતી.**